# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-૩** **પર્યાવરણ (આસપાસ)** **ઓક્ટોબર, ૨૦૨૦**

**સમય : ૧ કલાક** **કુલ ગુણ: ૨૫**

**(અ.નિ. અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. છોડ, પ્રાણીઓ, વૃદ્ધો અને દિવ્યાંગો માટે સંવેદના દર્શાવે છે અને આસપાસના પર્યાવરણમાં રહેતાં પરિવારોના વૈવિધ્યને સમજે છે. (જેમકે દેખાવ, ક્ષમતા, ગમો - અણગમો, ખોરાક અને રહેઠાણની પ્રાપ્તિ વગેરે)

**પ્રશ્ન- ૧ પરિસ્થિતિ અને ચહેરાના હાવભાવ અંગેના જોડકાં જોડો.** (૫)

| પરિસ્થિતિ | ચહેરાના હાવભાવ |
|---|---|
| (૧) કાજલની ચોપડી એના ભાઈએ ફાડી નાખી. | (૧) ચિંતા |
| (૨) અનિલના પપ્પા તેના માટે ફટાકડા લાવ્યા છે. | (૨) ડર |
| (૩) ભાવનાને તાવ આવ્યો છે. | (૩) ગુસ્સો |
| (૪) માધવના ઘરમાં વાંદરો ઘુસી ગયો છે. | (૪) ખુશ |
| (૫) મિતાલીને કાલે પરીક્ષાનું પરિણામ છે. | (૫) ઉદાસ |

અ.નિ. આસપાસ જોવા મળતાં પક્ષી અને પ્રાણીઓને તેમનાં સામાન્ય લક્ષણો જેવાં કે પ્રચલન , રહેઠાણ, ખોરાકની ટેવો અને અવાજને આધારે ઓળખે છે.

**પ્રશ્ન-૨ મને ઓળખી કાઢો.** (૫)

(૧) મારા માથે કલગી હોય છે અને હું ટહુકા કરું છું.

(૨) મારી ચાંચ લાલ રંગની હોય છે અને મને મરચું બહુ ભાવે છે.

(૩) મારી ચાંચ સોય જેવી છે અને હું પાંદડાં સીવીને સુંદર માળો બનાવું છું

(૪) હું ચાંચથી ઝાડને કાણાં પાડીને તેમાંથી કીડા ખાઉ છું.

(૫) હું રાત્રે જાગું છું અને દિવસે સૂઈ જાઉ છું.

અ.નિ. વિવિધ વયજૂથનાં લોકો ,પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આડોશપાડોશના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.

**પ્રશ્ન-૩ (અ)** નીચે આપેલ સજીવો પાણી ક્યાંથી મેળવે છે તે જણાવો.

(૧) વૃક્ષો (૨) પ્રાણીઓ (૩) માણસો (૩)

**પ્રશ્ન-૩ (બ)** વરસાદ કરા સ્વરૂપે વરસે છે.- અહીં ‘કરા’ એટલે શું? (૨)

અ.નિ. ઘર, શાળા અને પાડોશની આસપાસની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે. (વાસણો, ચૂલા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારના સાધનો, સાઇનબોર્ડ, વિવિધ પ્રકારના ઘર અને આશ્રયસ્થાનો, બસસ્ટેન્ડ, પેટ્રોલપંપ, વિવિધ વ્યવસાયના લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે)

**પ્રશ્ન- ૪** નીચેના વિધાનોમાંથી સાચા વિધાનો સામે ખરાની ☑ અને ખોટા વિધાનો સામે ખોટાની ☒ નિશાની કરો. (૫)

(૧) ચા-કોફી બનાવવા માટે આપણે પ્રેશરકૂકરનો ઉપયોગ કરીએ છીએ.

(૨) ચૂલા પર રસોઈ બનાવવી એ પર્યાવરણ માટે ફાયદાકારક છે.

(૩) સૂર્યકૂકરમાં સૂર્યની ગરમીથી રસોઈ તૈયાર થાય છે.

(૪) પ્રેશરકૂકરમાં જમવાનું ઝડપથી તૈયાર થાય છે.

(૫) પૂરી તળવા માટે ઝારાનો ઉપયોગ થાય છે.

અ.નિ. ઘર, શાળા અને પાડોશની આસપાસની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે. (વાસણો, ચૂલા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારના સાધનો, સાઇનબોર્ડ, વિવિધ પ્રકારના ઘર અને આશ્રયસ્થાનો, બસસ્ટેન્ડ, પેટ્રોલપંપ, વિવિધ વ્યવસાયના લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે)

**પ્રશ્ન- ૫ નીચે વાહનના નામ આપ્યા છે તેની સામે તેનો ઉપયોગ લખો.** (૫)

(૧) ઊંટલારી

(૨) ટ્રાઈસીકલ

(૩) એમ્બ્યુલન્સ

(૪) વિમાન

(૫) ટ્રેક્ટર